# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

********************************************************

1) મધ્યમ અને લઘુ ઉદ્યોગોના પ્રોત્સાહન માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજનાનો કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારામણે આરંભ કરાવ્યો
2) ચીન અંગેના કોંગ્રેસના નેતા સામ પિત્રાડાના નિવેદનને ભાજપે ગલવાનમાં જાન ગુમાવનાર ભારતીય સૈનિકોનું અપમાન ગણાવ્યું
3) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડએ સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત 2025 બોર્ડ પરીક્ષા માટે પ્રશ્નપત્રો લીક સંબંધિત દાવાઓને ફગાવ્યાં
4) ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલે પરિણામ
5) વડોદરામાં રમાઇ રહેલી વુમન પ્રિમીયર લીગની મેચમાં રોયલ ચેલેન્જર બેંગલુરૂએ ટોસ જીતીને દિલ્હી કેપિટલ્સને બેટીંગ સોંપી
6) આવતીકાલે ચેન્નાઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે 23મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપનો આરંભ થશે

********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MUMBAI - FINMIN

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે આજે મુંબઈમાં મધ્યમ અને લઘુ ઉદ્યોગો માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજનાનો આરંભ કરાવ્યો હતો. નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ યોજનાથી MSME ને પ્રોત્સાહન મળશે. જેના પર છેલ્લા ત્રણ બજેટમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ યોજના MSME ને કોલેટરલ વિના મશીનરી અથવા સાધનો ખરીદવા માટે 100 કરોડ રૂપિયા સુધીની લોનની સુવિધા આપશે.

મંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે ભારત નફો બુક કરનારા રોકાણકારોને સારું વળતર આપી રહ્યું છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ભારતમાં હવે એવું વાતાવરણ છે, જ્યાં રોકાણ સારું વળતર આપી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે સરકારે અનુકૂળ નીતિઓ દ્વારા સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર પર પણ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. જેના પરિણામે ભારતની સંરક્ષણ નિકાસ 24 હજાર કરોડ રૂપિયાથી વધુ વધી છે, અને મહારાષ્ટ્ર સંરક્ષણ ઉત્પાદન માટે એક કેન્દ્ર તરીકે વિકાસ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

## VC PUNJAB

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે પંજાબના મોહાલીમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એગ્રી-ફૂડ એન્ડ બાયો મેન્યુફેક્ચરિંગ ખાતે એડવાન્સ્ડ આંત્રપ્રિન્યોરશિપ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે દેશવાસીઓને રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંતમાં વિશ્વાસ

રાખવાનું આહ્વાન કર્યું અને કહ્યું કે કોઈ પણ વ્યક્તિગત અને રાજકીય હિત રાષ્ટ્રીય હિતથી મોટું નથી.

તેમણે કહ્યું કે રાષ્ટ્રનો આત્મા ગામડાઓમાં વસે છે. શ્રી ધનખડે કહ્યું કે વિકસિત ભારત હવે માત્ર એક સ્વપ્ન નથી પણ આપણું લક્ષ્ય છે. તેમણે કૃષિ અને ડેરી ઉત્પાદનો દ્વારા ગ્રામીણ અર્થતંત્રને પુનર્જીવિત કરવા હાકલ કરી હતી. તેમણે કૃષિ પદ્ધતિઓમાં ટેકનોલોજીનો સમાવેશ કરવા પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . .

## BJP ON PITRODA

ભારતીય જનતા પાર્ટીએ ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના વડા સામ પિત્રોડાએ ચીનના સમર્થનમાં આપેલા નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપ મુખ્યાલયમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ સુધાંશુ ત્રિવેદીએ સેમ પિત્રોડાના નિવેદનને ગલવાન ખીણમાં પોતાના જીવનું બલિદાન આપનારા સૈનિકોનું અપમાન ગણાવ્યું હતું. જોકે કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ નિવેદન સામ પિત્રોડાનું વ્યક્તિગત હોવાનું જણાવીને આ વિવાદથી કોંગ્રેસને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## CBSE EXAM PAPPER

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત 2025 બોર્ડ પરીક્ષા માટે પ્રશ્નપત્રો લીક સંબંધિત દાવાઓને ફગાવ્યાં છે. બોર્ડે કહ્યું છે કે કેટલાક લોકો સોશિયલ મીડિયામાં પેપર લીક થયાની અફવા ફેલાવે છે. બોર્ડે કહ્યું કે આ તમામ દાવા નિરાધાર છે અને તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ડર પેદા કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

## BSF CONFERENCE

ભારત અને બાંગલાદેશના સીમા સુરક્ષા દળોનું સરહદી સમન્વય સંમેલન આજે નવી દિલ્લીમાં શરૂ થયું. 55મુ મહાનિદેશક સંમેલન 20 ફેબ્રુઆરી સુધી ચાલશે. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વના સીમાસુરક્ષા બળના મહાનિદેશક દલજીત સિંહ ચૌધરી કરી રહ્યા છે, જ્યારે બાંગલાદેશ સરહદ સુરક્ષા મંડલના પ્રતિનિધિમંડળના મહાનિદેશક મેજર જનરલ મોહમ્મદ અશરફ-ઉજમા સિદ્દિક કરી રહ્યા છે.

આ કોન્ફરન્સમાં બંને દેશો વચ્ચે શ્રેષ્ઠ સમન્વય અંગે ચર્ચા ચાલી રહી છે. સંમેલનમાં બાંગ્લાદેશના અસામાજિક તત્વો દ્વારા સીમા સુરક્ષાકર્મીઓ અને નાગરિકો પરના હુમલા, તેમજ એક તરફની વાડ બનાવવાની ચર્ચા થશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . . .

## LOCAL BODY ELECTION

ગુજરાત રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગર પાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મતગણતરી આવતીકાલે હાથ ધરાશે. મતગણતરી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મતગણતરી પહેલા તમામ ઇવીએમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે.

ગુજરાતમાં ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન સંપન્ન થયું હતું. જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 44.32 ટકા, જ્યારે 66 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 61.65 ટકા તેમજ ત્રણ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી 65.07 ટકા મતદાન થયું હતું.

. . . . . . . . . . . . . . . .

## FAKE ADVERTISEMENT

ગ્રામીણ વિકાસ મંત્રાલયે રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને મનોરંજન મિશન, NRDRM દ્વારા બે ભરતી અભિયાન ચલાવવાના દાવાઓને ફગાવી દીધા છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે NRDRM કાર્યાલય મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ કામ કરતું નથી. તેમાં ઉમેર્યું હતું કે બે નકલી NRDRM વેબસાઇટ્સ www.nrdrm.com તેમજ www.nrdrmvacancy.com પર બનાવટી નોકરીની જાહેરાતો પોસ્ટ કરી રહી છે. મંત્રાલયે સામાન્ય લોકોને NRDRM દ્વારા હાથ ધરવામાં આવતી કોઈ પણ ભરતીના નામે છેતરપિંડી આચરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. લોકોને આવી કોઇપણ છેતરામણી જાહેરાતોમાં ન આવવા પણ અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

## NAKSHA - LAND RECORD

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આવતીકાલે મધ્યપ્રદેશના 26 રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં 152 શહેરી સ્થાનિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય ભૂ-અવકાશીજ્ઞાન આધારિત લેન્ડ સર્વે ઓફ અર્બન હેબિટેશન્સ, નકશાનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય શહેરી વિસ્તારોમાં જમીનના રેકોર્ડ બનાવવા અને અપડેટ કરવાનો છે. જેથી જમીન માલિકીના સચોટ અને વિશ્વસનીય દસ્તાવેજીકરણની ખાતરી કરી શકાય.

મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પહેલ નાગરિકોને સશક્ત બનાવશે, જીવનની સરળતામાં સુધારો કરશે, શહેરી આયોજન વધારશે અને જમીન સંબંધિત વિવાદો ઘટાડશે.

. . . . . . . . . . . . . . . .

## WOMEN PRIMER LEAGUE

વડોદરાના કોટંબી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી વુમન પ્રિમીયર લીગ મેચમાં રોયલ ચેલેંજર બેંગલુરૂએ ટોસ જીતીને પહેલા ફિલ્ડીંગ પસંદ કરી છે.. દિલ્હી કેપિટલ્સ પ્રથમ બેટીંગમાં ઉતરી છે..

છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે દિલ્હીની ટીમે 4 ઓવરમાં 1 વિકેટે 26 રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

## CHENNAI PERA ATHLECTICS

આવતીકાલે ચેન્નાઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે 23મી રાષ્ટ્રીય પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ શરૂ થશે. આ સ્પર્ધામાં ભારતભરના લગભગ એક હજાર પાંચસો પેરા-એથ્લેટ્સ પોતાનું કૌશલ્ય દર્શાવશે. આ ઐતિહાસિક ઇવેન્ટમાં 30 ટીમો દ્વારા 155 ઇવેન્ટ્સમાં પેરા-એથ્લેટ્સ ભાગ લેશે, જે તેને દેશના સૌથી મોટા પેરા-એથ્લેટિક્સ રમતોત્સવમાંનો એક બનાવશે. ભાગ લેવા માટે તૈયાર થયેલા અગ્રણી

ખેલાડીઓમાં સુમિત એન્ટિલ (ભાલા ફેંક), મનોજ સબાપતિ (વ્હીલચેર રેસિંગ), મનોજ સિંગારાજ (શોટ પુટ), મરિયપ્પન થંગાવેલુ (હાઇ જમ્પ), મુથુ રાજા (શોટપુટ), હોકાટો સેમા (શોટ પુટ), નવદીપ સિંહ (ભાલા ફેંક), અને યોગેશ કથુનિયા (ડિસ્કસ) વગેરેનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

## REVISE RUS_UKRN DRON

યુક્રેનિયન સૈન્યએ કહ્યું છે કે રશિયન દળોએ એક જ રાતમાં 147 ડ્રોનથી હુમલા કર્યા. તેમણે કહ્યું કે યુક્રેનિયન વાયુસેનાએ ૧૪૭ ડ્રોનમાંથી ૮૩નો નાશ કર્યો, જ્યારે ૫૯ ડ્રોન તેમના લક્ષ્ય સુધી પહોંચી શક્યા નહીં. દરમિયાન, રશિયન સૈન્યએ જણાવ્યું હતું કે તેના દળોએ 90 યુક્રેનિયન ડ્રોન અને એક નેપ્ચ્યુન એન્ટી-શિપ મિસાઇલનો નાશ કર્યો છે. સેનાએ જણાવ્યું હતું કે આઠ વિસ્તારોમાં ડ્રોન અને મિસાઇલોને અટકાવવામાં આવ્યા હતા. આ બનાવોમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

. . . . . . . . . . . . . . . .

## ISRAEL - HAMAS KILLED

ઇઝરાયલી સૈન્યએ દાવો કર્યો છે કે આજે દક્ષિણ લેબનોનમાં તેના ડ્રોન હુમલામાં લેબનોનમાં હમાસના ઓપરેશન વિભાગના વડા મોહમ્મદ શાહીનનું મોત થયું છે. સેનાએ શાહીન પર લેબનીઝ પ્રદેશમાંથી આતંકવાદી હુમલાઓનું આયોજન કરવાનો આરોપ મૂક્યો હતો. ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેના 14 મહિનાના યુદ્ધનો અંત લાવનારા યુદ્ધ વિરામ કરાર હેઠળ દક્ષિણ લેબનોનમાંથી ઇઝરાયલ સૈન્યને સંપૂર્ણ પરત ખેંચવાની સમયમર્યાદાની પૂર્વ સંધ્યાએ આ હુમલો કરવામાં આવ્યો હતો. યુદ્ધ વિરામ પછી પણ  ઇઝરાયલે દક્ષિણ અને પૂર્વી લેબનોનમાં હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે, અને  કહ્યું છે કે તે મિસાઇલો અને લડાયક સાધનો ધરાવતા લશ્કરી સ્થળોને નિશાન બનાવી રહ્યું છે. ઇઝરાયલ અને લેબનોને એકબીજા ઉપર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવી રહ્યા  છે.

. . . . . . . . . . . . . . . .